# ભારતીય ફિલોસોફીને વધારે જાણવાની જરૂર છે

## -વિદેશના ન્યુરો સાયન્ટિસ્ટ છેલ્લા ૨૦ વર્ષથી ઈન્ડિયન મેડિટેશન પર કામ કરી રહ્યા છે

### - યુ.એસ.ની મિડલબરી કોલેજના પ્રો.વિલિયમ વોલ્ડરોન ભારતીય ફિલોસોફી પર લેકચર આપ્યુ




કોગ્નેટિવ સાયન્સના વૈજ્ઞાનિકોએ પોતાના વિષયમાં નિપૂર્ણ બનવા માટે ભારતીય ફિલોસોફીને સમજવુ જોઈએ. જે આજના વૈજ્ઞાનિકો કરતા નથી. જે બાબત પર ધ્યાન આપવાની જરૂર છે. જો આમ કરવામાં આવે તો કોગ્નેટિવ સાયન્સમાં એક નવો અધ્યાયનો સમાવેશ. આ શબ્દો છે યુ.એસ.ની મિડલબરી યુનિવર્સિટીના પ્રોફેસર વોલ્ડરોનના જેમણે આઈ.આઈ.ટી.જી.એન.ના સ્ટુડન્ટસને સંબોધતા આ વાત કરી હતી.

ઈન્ડિયન ઈન્સ્ટિયુટ ઓફ ટેકનોલોજી ગાંધીનગર ખાતે કોગ્નેટિવ સાયન્સ(જ્ઞાનાત્મક વિજ્ઞાન) વિષય ભણાવવામાં આવે છે. વિષયની છણાવટના ભાગ રૂપે સ્ટુડન્ટસ વધુ જાણે તે માટે કોગ્નેટિવ સાયન્સ અતંર્ગત  ભારતીય ફિલોસોફી અને બુદ્ધિજમ વિષય પર લેકચર યોજાયુ હતુ. જેમાં તેમણે ભારતીય ફિલોસોફીની વાત કરી હતી.

વોલ્ડરોને વધારે જણાવતા  કહે છે કે  આજે વિદેશના ન્યુરોસાયન્ટિસ્ટ છેલ્લા ૨૦ વર્ષથી  ઈન્ડિયન મેડિટેશન (ધ્યાન લગાવવુ) ઉપર કામ કરી રહ્યા છે અને તેના ઉપર કોગ્નેટિવ સાયન્સનો અભ્યાસ કરી રહ્યા છે.જેના પરથી ભારતીય ફિલોસોફીના જ્ઞાનની આપણને નોલેજ મળે છે અને યોગાકાર બદ્ધીઝમએ મોર્ડન કોગ્નેટિવ સાયન્સ છે.જેના પરથી કોગ્નેટિવ સાયન્સ પર કામ કરી શકાય છે.